

**વેદમૂર્તિ, તપોનિષ્ઠ, યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીએ ઋષિઓનાં સનાતન જીવનસુત્રોને વર્તમાન યુગને અનુરૂપ વ્યાવહારિક સ્વરૂપે રજૂ કર્યા છે.**

# હિમ્મત ન હારો

આ મૂલ્ય સુત્રોનું અધ્યયન, મનન, ચિંતન તથા આચરણ કરીને કોઈપણ વ્યક્તિ જીવનમાં શ્રેષ્ઠ લક્ષ્યો નક્કી કરીને તેમને પ્રાપ્ત કરવામાં સમર્થ તથા સફળ થઈ શકે છે. જીવનને એક મહત્વપૂર્ણ અવસર માનીને તેનો સદ્દપયોગ કરવાની ઈચ્છા ધરાવનાર દરેક નર-નારી માટે આ સંગ્રહમાં સંકલિત વિચારો જીવનમાં સફળતાઅને સાર્થકતા આપનાર સાબિત થશે.

**(આ પુસ્તિકાને વધુને વધુ વ્યક્તિઓ સુધી પહોંચાડી વંચાવવાનો પ્રયાસ કરશો)**


## પ્રાપ્તિ સ્થાન :

યુગ નિર્માણ યોજના, ગાયત્રી જ્ઞાન પીઠ,જુના વાડજ, શાખા : અમદાવાદ-13

વ્યવસ્થાપક, યુગ નિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા-3

જે લોકો આધ્યાત્મિક ચિંતનથી વિમુખ થઈને માત્ર લોકસેવાનાં કાર્યોમાં રચ્યાપચ્યા રહે છે, તેઓ પોતાની જ સફળતા પર અથવા સદ્દગુણો પર મોહિત થઈ જાય છે. તેઓ પોતાને લોકસેવકના રૂપમાં જોતા થઈ જાય છે. આવી સ્થિતિમાં તેઓ એવી અપેક્ષા કરતા થઈ જાય છે કે બધા લોકો તેમનાં કાર્યોની પ્રશંસા કરે અને તેમનું કહ્યું માને. તેમનું મિથ્યાભિમાન તેમને અનેક લોકોના શત્રુ બનાવી દે છે. આથી તેઓ ખરા અર્થમાં લોકસેવક ન બનતાં તેમની લોકસેવા લોકવિનાશનું સ્વરૂપ ધારણ કરી લે છે.

આધ્યાત્મિક ચિંતન વિના મનુષ્યમાં નમ્રતા આવતી નથી તેમજ તેમનામાં પોતાની જાતને સુધારવાની ક્ષમતા પણ રહેતી નથી. તે એક પછી એક ભૂલ કરતા રહે છે અને આ રીતે પોતાના જીવનને વિકટ બનાવતા રહે છે.

અમે જે ભારતીય સંસ્કૃતિ, ભારતીય વિચારધારાનો પ્રચાર કરવા ઈચ્છીએ છીએ તેમાથી આપના દુ:ખોનું નિવારણ થઈ શકે છે. રાજયસત્તા દ્વારા આપના અધિકારોનું રક્ષણ થઈ શકે છે પરંતુ જ્યાંથી આપણા સુખદુ:ખની ઉત્પત્તિ થાય છે તેનું નિયંત્રણ રાજ્યસત્તા કરી શકતી નથી. આ કામ આધ્યાત્મિક ઉન્નતિથી જ થઈ શકે.

મનુષ્યને મનુષ્ય બનાવવાની વાસ્તવિક તાકાત ભારતીય સંસ્કૃતિમાં જ છે. આ સંસ્કૃતિ આપણને એ શીખવે છે કે માણસ માણસને પ્રેમ કરવા માટે જ જન્મ્યો છે, લડવા-મરવા માટે બિલકુલ નહીં. જો આપણા દરેક કાર્યક્રમ યોગ્ય રીતે ચાલતા રહે તો ભારતી સંસ્કૃતિનો સૂર્યોદય અવશ્ય થશે.

જો તમે શાંતિ, સામર્થ્ય અને શક્તિ મેળવવા ઈચ્છતા હો તો તમારા અંતરાત્માનો સહારો લો. તમે સમસ્ત સંસારને છેતરી શકો છો પંરતુ પોતાના આત્માને કોણ છેતરી શક્યું છે? જો દરેક કાર્યમાં તમે તમારા અંતરાત્માને પૂછતા રહેશો તો તમારી વિવેકદ્રષ્ટિ જળવાઈ રહેશે. દુનિયાભરનો વિરોધ હોવા છતાં જો તમે તમારા અંતરાત્માને અનુસરી શકયા તો તમારી સફળતાને કોઈ રોકી શકશે નહીં.

જ્યારે કોઈ પણ વ્યક્તિ પોતાની જાતને અદ્વિતીય વ્યક્તિ સમજવા લાગે છે અને પોતાને જ શ્રેષ્ઠ ચારિત્ર્યવાન સમજવા લાગે છે ત્યારે તેનું આધ્યાત્મિક પતન થાય છે.

જ્યાં સુધી આપણામાં અહંકારનો ભાવ રહેશે ત્યાં લગી ત્યાગની ભાવના જાગવી મુશ્કેલ છે.

મનમાં બધાને માટે સદ્દભાવના રાખવી, સંયમ અને સદ્દચારિત્ર્ય સહિત સમય પસાર કરવો, બીજાની ભલાઈ માટે

પ્રયત્નશીલ રહેવું, વાણીનો ઉપયોગ માત્ર સારાં કાર્યો માટે જ કરવો, હકની કમાઈ દ્વારા જ નિર્વાહ કરવો, ભગવાનનું સ્મરણ કરતા રહેવું, પોતાનું કર્તવ્ય ન છોડવું, અનુકૂળ કે પ્રતિકૂળ સ્થિતિમાં વિચલિત ન થવું – આ બધા નિયમોનું પાલન કરવાથી જીવન યજ્ઞમય બની જાય છે. મનુષ્યજીવનને સાર્થક બનાવવામાં જ ખરી દૂરદર્શિતા અને બુદ્ધિમતા છે.

ઉઠો ! જાગો !! જ્યાં લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થોભો નહીં !!! બીજા કોઈ આપણું ખરાબ કરે કે નિંદા કરે, ઉદ્વેગ કરનારી વાતો કરે તો તેને સહજ ગણીને જતી કરવાથી અને તેનો જવાબ ન વાળવાથી વેર વધશે નહીં. મનોમન વિચારી લેવું જોઈએ કે મૌન જ તેનો સર્વશ્રેષ્ઠ ઉત્તર છે. જે પોતાના કર્તવ્યપથ પર ચાલતો રહે છે અને બીજાના અવગુણોને ખોળતો રહેતો નથી તેને જ આંતરિક આનંદ મળે છે.

જીવનમાં ચડતી-પડતી આવતી જ રહે છે. હસતા રહો, મલકાતા રહો.

એવું મુખડું શા કામનું જે હસે નહીં કે મલકાય નહીં !!

જે વ્યક્તિ પોતાનું મનોબળ જાળવી રાખવા માગે છે, તેણે બીજાની ટીકાઓથી ચીડાવું જોઈએ નહીં.

તમારે એ શીખવું પડશે કે આ સંસારમાં થોડી મુસીબતો છે જે તમારે સહન કરવાની છે. પૂર્વકર્મોના ફળસ્વરૂપે આ વિધાન અટલ જ છે. કોઈ પણ કાર્યમાં જ્યાં ગભરાટ, થાક અને નિરાશાઓ રહેલી હોય છે ત્યાં સાથે સાથે પ્રબળ શક્તિ પણ રહેલી હોય છે. તમારું કાર્ય પૂર્ણ કર્યા પછી એક બાજુ ખસી જાવ. કર્મ ફળને સમયના પ્રવાહમાં વહી જવા દો.

તમારી શક્તિ મુજબનું જ કામ કરો અને તેમાં તમારો પ્રાણ રેડી દો. કોઈ પણ ઘટનાથી હતોત્સાહ ન બનો. તમારો અધિકાર તમારા પોતાનાં કર્મો પર જ છે, બીજાનાં કર્મો પર નહીં. ટીકા ન કરો, આશા ન રાખો, ભય ન રાખો, બધું સારું જ થશે. અનુભવો તો થતા જ રહેશે. ગમગીન ન થાવ. તમે દ્રઢતાની અડીખમ દીવાલને અઢેલીને ઊભેલો છો.

હડકાયા કૂતરાથી જેટલા સાવધ રહેવું જોઈએ તેટલા જ, અહંકારથી સાવધ રહો. જેમ તમે ઝેર કે ઝેરી સાપને અડકતા નથી, તેવી જ રીતે સિદ્ધિઓથી પણ અળગા રહો અને એવા લોકોથી પણ અળગા રહો જેઓ તેનો વિરોધ કરતા હોય છે. તમારા મન અને હૃદયની દરેક ક્રિયાઓને ઈશ્વર ભણી વાળી દો.

બીજાઓનો ભરોસો તમને અત્યંત અસહાય અને દુ:ખી બનાવી દેશે. માર્ગદર્શન માટે તમારા તરફ જ જુઓ, બીજા

તરફ નહીં. તમારી સચ્ચાઈ તમને મક્કમ બનાવશે અને એ મક્કમતા તમને લક્ષ સુધી પહોંચાડશે.

જે કંઈ થાય છે તેને થવા દો. તમારા વિશે જે કંઈ પણ કહેવામાં આવે, તે કહેવા દો. તમને આ બધી બાબતો મૃગજળ જેવી અસાર ભાસવી જોઈએ. જો તમે સંસારનો ખરા અર્થમાં ત્યાગ કર્યો હોય તો આવી બાબતો તમને કેવી રીતે કષ્ટ પહોંચાડી શકે? પોતાની જાતનું અવલોકન કરતા રહેવામાં જરા પણ કચાશ રાખતા નહીં. ત્યારે જે સાચી ઉન્નતિ થઈ શકશે.

દરેક પળ અને મોકાનો લાભ ઉઠાવો. માર્ગ લાંબો છે. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે. તમારા સંપૂર્ણ આત્મબળ સાથે કામે લાગી જાવ તો લક્ષ્ય સુધી પહોંચી જશો. કોઇ પણ બાબતે આકુળ-વ્યાકુળ ન થાવ. માણસમાં નહીં, ઈશ્વરમાં ભરોસો રાખો એ જ તમને રસ્તો બતાવશે અને સદ્દમાર્ગે વાળશે.

સહનશીલતા કેળવો, તમારી જવાબદારી સમજો. કોઈના દોષ જોઈને તેના ઉપર ટીકાટિપ્પણી કરતા પહેલાં તમારા પોતાના દોષોને બારીકાઈથી તપાસો. જો તમારી વાણી પર કાબુ ન મૂકી શકતા હો તો તેને બીજા સામે ન વાપરતાં તમારા માટે વાપરો.

સૌ પ્રથમ પોતાની જાતને શિસ્તબદ્ધ બનાવો કારણ કે આચરણ વિના આત્માનુભવ નહીં થઈ શકે. નમ્રતા, સરળતા, સાધુતા અને સહનશીલતા- આ બધા આત્માનુભવ કરાવવા માટેના મુખ્ય અંગો છે.

બીજા લોકો તમારી સાથે કેમ વર્તે છે તેની ચિંતા ન કરો, આત્મોન્નતિ માટે તત્પર રહો. જો આ તથ્યને સમજી લીધું તો એક મોટા રહસ્યને પામી લીધું સમજો.

તમારે તમારા મનને સદૈવ કાર્યરત્ રાખવું જોઈએ. તેને બેકાર ન રહેવા દો. જીવન તરફ ગંભીર બનો. આત્મોન્નતિ પ્રાપ્ત કરવાનું વિરાટ કાર્ય તમારી સમક્ષ છે અને સમય ઘણો ઓછો છે. જો તમે બેદરકારીને લીધે ભટકી ગયા તો તમારે દુ:ખી થવું પડશે અને એથી પણ ખરાબ સ્થિતિ પ્રાપ્ત થશે.

ધીરજ અને આશા જાળવી રાખશે તો જીવનની દરેક પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતા તમારામાં આવશે. પોતાના જ બળ ઉપર ઊભા રહો. જરૂર પડે તો સમસ્ત સંસારને પડકાર ફેંકો, તેમાં તમારું કોઈ નુકસાન નહીં થાય. ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કર્યા પછી જ સંતોષ થવો જોઈએ. બીજા લોકો ભૌતિક ખજાનાને શોધ કરતા હોય છે પણ તમે અંત:કરણના ખજાનાને શોધો.

મહાન વ્યક્તિઓ હંમેશા એકલા જ ચાલ્યા છે અને તેના કારણે જ દૂર સુધી ચાલી શક્યા છે. આવા એકલવીરોએ પોતાના સહારે જ સંસારના મહાનમાં મહાન કાર્યો કર્યા છે. તેઓને પોતાનું જ પ્રેરણાબળ મળતું રહ્યું છે. તેઓ પોતાના જ આંતરિક સુખમાં સદૈવ પ્રફુલ્લિત રહ્યા છે. બીજાની મદદથી દુ:ખ દૂર કરવાની તેઓને કદી આશા રાખી નથી. પોતાના વિચારોનો જ તેમણે સહારો લીધો છે.

એકાકીપણું જ જીવનનું પરમ સત્ય છે પણ એકલતાથી ગભરાવું, નાનમ અનુભવવી, કર્તવ્યમાર્ગથી નિરુત્સાહ કે નિરાશ થવું એ સૌથી મોટું પાપ છે. આપના પોતાના અંતરમાં છુપાયેલી મહાન શક્તિઓને વિકસાવવાનું સાધન એકલતા છે. પોતાના પરજ આધાર રાખીને તમો તમારી ઉચ્ચતમ શક્તિઓને ખોળી ને બહાર કાઢી શકો છો.

જે દિવસે તમને તમારા હાથ પગ અને હૃદય પર વિશ્વાસ બેસી જશે એ જ દિવસે તમારો અંતરાત્મા પોકારશે કે અવરોધોને ચગદીને,

'તું એકલો જાને રે..એકલો જાને રે..'

જે લોકો પર તમે આશાના ઊંચા મિનારા ચણ્યા છે તે બધા કલ્પનાના ગગનમાં વિહાર કરવા સમાન અસ્થિર, અસાર

અને પોકળ છે. પોતાની આશાને બીજાને હવાલે કરી દેવી, એ તો ખુદ પોતાની મૌલિકતાને નષ્ટ કરી પોતાના સાહસને પાંગળું બનાવવા તુલ્ય છે. જે વ્યક્તિ બીજાના આધારે જીવન ગુજારતા રહે છે તેઓ નિરાધાર બની જાય છે.

બીજાને પોતાના જીવનના સંચાલક બનાવવા એટલે એમ સમજો કે પોતાની નાવને એવા પ્રવાહ વહેતી કરવી જેના અંતનો તમને કોઈ જ ખ્યાલ નથી.

પ્રેમ જ એક મહાન શક્તિ છે જે પ્રત્યેક દિશામાં આગળ ધપાવવામાં સહાયકર્તા બને છે. પ્રેમ વગર કોઈના પણ વિચારોમાં પરિવર્તન લાવી શકાતું નથી. વિચાર એ તર્કવિતર્કની દુનિયા નથી. વિચારણા તથા  વિશ્વાસ લાંબા કાળના સત્સંગથી બંધાય છે. અધિક સમયની સંગતનું પરિણામ એટલે જ પ્રેમ. આથી વિચારધારણા અથવા વિશ્વાસ પ્રેમનો વિષય છે.

જો આપણે બીજા લોકો પર વિજય મેળવીને તેમને આપણી વિચારધારામાં સમાવવા ઈચ્છીએ, તેમના દ્રષ્ટિકોણને બદલીને આપણી વાત તેમના અંતરમાં ઉતારવા માગતા હોઈએ તો પ્રેમનો સહારો લેવો જોઈએ. તર્ક અને બુદ્ધિ આપણને આગળ ધપાવી શકતા નથી. વિશ્વાસ રાખો કે તમારી

પ્રેમ અને સહાનૂભૂતિપૂર્ણ બધી વાતો સાંભળવા માટે દુનિયા વિવશ થશે.

આપણે બીજાને પરાણે આપણી માફક વિશ્વાસ, મત, સ્વભાવ અને નિયમ અનુસાર કાર્ય કરવા અને જીવન ગુજારવા માટે મજબુર કરીએ છીએ. બીજાને પરાણે સુધારવા, પોતાના વિચાર કે દ્રષ્ટિકોણને જબરદસ્તીથી થોકી બેસાડવાથી ન તો સુધારો થાય કે ન તો પોતાનું મન આનંદ પામે છે.

જો આપણે અમુક લોકોને દબાવી રાખીશું તો કદાચ પરોક્ષરૂપે આપણી ઉન્નતિ થઈ શકે. અમુક વ્યક્તિ આપણી ચાડી કરે છે, દોષ કાઢે છે, અપમાન કરે છે તેથી પહેલા આપણા વિરોધીને રોકી દેવા જોઈએ એમ વિચારવું અને બીજાઓને આપણી નિષ્ફળતાનું કારણ સમજવા એ વિચાર ભ્રમ ભરેલો છે.

જ્યારે મનમાં જૂની દુ:ખભરી યાદો જાગી ઊઠે તો તેને ભૂલી જવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે. અપ્રિય વાતોને ભૂલી જવી જરૂરી છે. આવી વાતોને ભૂલવી એટલી જ જરૂરી છે જેટલી સારી વાતોને યાદ રાખવી. જો તમે શરીરથી, મનથી અને વર્તનથી તંદુરસ્ત બનવા ઈચ્છતા હો તો અસ્વસ્થ કરનારી બધી વાતો ભૂલી જાવે.

માની લીધું કે કોઈ 'આપણા' એ જ તમને ઠેસ પહોંચાડી છે, તમારૂં દિલ દુભાવ્યું છે તો શું તમે તેને યાદ રાખીને માનસિક ગડમથલમાં અટવાયા કરશો? અરે ભાઈ! એ કષ્ટદાયક અપ્રિય, પ્રસંગોને ભૂલાવી દો. એ તરફ ધ્યાન ન આપતાં,મનને સારાં કાર્યોમાં પ્રવૃત કરી દો.

તમે  સુખદુ:ખની આધીનતા છોડી દઈને તેની ઉપર તમારૂં સ્વામીત્વ સ્થાપો અને તેમાંથી જે કાંઈ ઉત્તમ પ્રાપ્ત થાય તેને પામીને તમારા જીવનને ઉન્નત બનાવવું એ જ મનુષ્યનું કર્તવ્ય છે એટલા માટે તમે પણ ઉચિત સમજો તેઓ રાહ પકડીને આ કર્તવ્ય નિભાવો.

ચિંતાથી મુક્તિ પામવાનો સર્વોત્તમ ઉપાય દુ:ખોને ભૂલવામાં જ છે.

મુશ્કેલીઓથી ડર્યા વગર અને અનુકૂળતાને જ સર્વસ્વ માનીને બેઠા  નહીં રહો તો બધું જ કરી શકશો. જે પ્રાપ્ત થાય તેમાંથી બોધપાઠ લઈને જીવનને ઉન્નત બનાવો. જીવન જેમ જેમ ઉચ્ચ બનશે તેમ તેમ હાલમાં જે તમને પ્રતિકૂળ લાગે છે તે બધું અનુકૂળ જણાવા લાગશે અને અનુકૂળતા આવી જવાથી દુ:ખ માત્રની નિવૃત્તિ થઈ જશે.

'મારુ કોઈ માનતું જ નથી, કહી કહીને થાકી ગયા પણ સાંભળવાવાળા કોઈ સાંભળતા જ નથી એટલે કે તેમના પર કોઈ અસર જ નથી થતી.' મારા મતે આમાં સાંભળવાવાળા કરતાં વધારે દોષ કહેવાવાળાનો છે. કહેવાવાળો કરી નથી જાણતો. તે પોતાનું અવલોકન કરે. આત્મનિરીક્ષણ કાર્યશૂન્યતારી સાક્ષી આપી દેશે. વચનની સફળતાનો પૂર્ણ આધાર કામ કરવા ઉપર જ છે. તમે ભલે ન બોલો, થોડું બોલો, પણ કામમાં લાગી જાવ. તમે થોડા જ દિવસોમાં જોઈ શકશો કે લોકો કહ્યા વિના તમારી તરફ ખેંચાઈને આવી રહ્યા છે. આથી બોલો ઓછું, કરો વધુ. કારણ કે બોલવાની અસર ક્ષણિક હોય છે જ્યારે કાર્યનો પ્રભાવ હંમેશા રહે છે.

સાહસ આપણને પોકાર્યા છે. સમયે, યુગે, કર્તવ્ય, જવાબદારીએ, વિવેકે, શક્તિએ આપણને પોકાર કર્યો છે. આ પોકારને અવગણી શકાય નહીં. આત્મનિર્માણ અને નવનિર્માણ માટે આપણે કાંટાળા રસ્તાનું સ્વાગત કરીશું અને આગળ ધપીશું. લોકો શું કહે છે અને શું કરે છે તેની ચિંતા કોણ કરે? આપણો આત્મા જ માર્ગદર્શન માટે પૂરતો છે. લોકો અંધારામાં ભટકે છે, ભલે ભટકે. અમે અમારા વિવેકનાં પ્રકાશનો આધાર લઈને સ્વયં આગળ વધીશું. 'કોણ વિરોધ કરેછે, કોણ સમર્થન ?' તેની ગણતરી કોણ કરે? આપણો

અંતરાત્મા અને આપણું સાહસ આપણી સાથે છે,એ જ કરીશું જે કરવું આપણા જેવી સજાગ વ્યક્તિઓ માટે ઉચિત અને યોગ્ય છે.

સુધારાવાદી તત્વોની સ્થિતિ ઘણી જ હાસ્યાસ્પદ છે. સમાજ અને રાજનૈતિક ક્ષેત્રોમાં સુધારા અને પ્રગતિના નાશ જોરશોરથી પોકારવામાં આવે છે પણ એ ક્ષેત્રોમાં જે થઈ રહ્યું છે, જે લોકો કરી રહ્યા છે તેમાં કથની અને કરણી વચ્ચે જમીન આસમાનનું અંતર જોઈ શકાય છે. આવી દશામાં ઉજ્જવળ ભવિષ્યની આશા ધૂંધરી જ બનતી જાય છે.

લોભનો વંટોળ, મોહનો વંટોળ, કીર્તિનો વંટોળ, યશનો વંટોળ અને દબાણનો વંટોળ એવો છે કે  માનવીને દૂર દૂર સુધી ચાલવા માટે મજબૂર બનાવી દે છે અને ક્યાંથી કયાં ફંગોળી દે છે. અમને પણ ઘસડીને લઈ ગયો હોત. એ સામાન્ય માનવીઓને ઘસડી જતા હોય છે. ઘણાં લોકો જે અમુક ‘વાદ’ ને પકડીને જ ચાલ્યા તેને કારણે ભટકીને કયાંના ક્યાં ફંગોળાઈ ગયા !

તમે ભટકતા નહીં. ભટકવાની સ્થિતિ જો આવે તો તમે તમારા એ દિવસની, એ સમયની મનઃસ્થિતિને યાદ કરી લેજો કે જ્યારે તમારી અંદર શ્રદ્ધાનો એક અંકુર ફૂટયો હતો. એ

વાતને યાદ રાખજો કે પરિશ્રમ કરવા માટે આપણા જે ઉમંગ અને તરંગ હોવા જોઈએ તેમાં ઓટ તો નથી આવી ને?

માનવીના મનમાં લગની હોય તો તે તેની પાસેથી સો ગણું કામ કરાવી લે છે. એટલું કામ કરાવી લેતી હોય છે કે અમારું કામ જોઈને તમને જરૂર આશ્ચર્ય થતું હશે. આટલુ સાહિત્ય લખવાથી લઈને આટલું મોટું સંગઠન ઊભું કરવા સુધી અને આવડી મોટી ક્રાંતિ કરવાથી લઈને આટલા આશ્રમ બનાવવા સુધીના જે કામ શરૂ કર્યા છે તે કેમ કરી થઈ શક્યાં? એમાં લગની અને શ્રમ સમાયેલાં છે.

જો અમે શ્રમ કરવામાં પ્રમાદ કર્યો હોત તો એવી હલકી કક્ષાના માણસ બનીને રહી જાત કે જેને માટે પોતાનું પેટ ભરવું પણ કઠિન બની જાય છે. ચોરી કે ઠગાઈ કરીને, ચાલાકીથી જે પણ કાંઈ મળત તેનાથી પેટ ભરવા માટે, કપડાં પહેરવા માટે અને અમારા મોજ શોખ પૂરા કરવા માટે પૈસા એકઠા કરતા રહેત પણ આનાથી અમારું આ વિરાટ કાર્ય થઈ શકત નહીં.

બીજાનાં છિદ્રો જોતાં પહેલાં પોતાના દોષોને શોધો. કોઈની પણ બૂરાઈ કરતાં પહેલાં એ જોઈલો કે આપણાંમાં તો કોઈ બૂરાઈ નથી ને ? જો હોય તો પહેલાં તેને દૂર કરો. બીજાની નિંદા કરવામાં જેટલો સમય વેડફો છો તેટલો જ

સમય તમારા આત્મોત્કર્ષમાં લગાવો. ત્યારે તમે પોતે જ એનાથી સહમત થશો કે પરનિંદાથી વધતા દ્વેષને ત્યાગીને પરમાનંદની પ્રાપ્તિ તરફ આગળ વધી રહ્યો છો.

સંસારને જીતવાની ઈચ્છા કરવાવાળા મનુષ્યો! પહેલાં તમારી જાતને જીતવાની ચેષ્ટા કરો. જો તમે એવું કરી શક્યા તો એક દિવસ તમારું વિશ્વવિજતા બનવાનું સપનું સાકાર થઈને રહેશે. તમે તમારા જિતેન્દ્રિય રૂપથી સંસારનાં દરેક પ્રાણીઓને તમારા ઈશારા પર ચલાવી શકશો.સંસારનો કોઈ પણ જીવ તમારો વિરોધ નહીં રહે.

શું કરીએ, પરિસ્થિતિ અમને અનુકૂળ નથી, કોઈ અમને સહાય કરતું નથી, કોઈ મોકો મળતો નથી વગેરે ફરિયાદો નિરર્થક છે. પોતાના દોષને બીજા ઉપર ઢોળી દેવા માટે આવી રીતની વાતો પોતાનું દિલ બહેલાવવા ખાતર કહેવામાં આવે છે. લોકો કોઈ વાર પ્રારબ્ધમાં માને છે તો કોઈ વાર દેવી-દેવતાઓની સામે નાક ઘસતા રહે છે. આ બધાનું કારણ પોતાની જાત પર વિશ્વાસ ન હોવાનું છે.

બીજાને સુખી જોઈને આપણે પરમાત્માના ન્યાય પર શંકા કરવા માંડીએ છીએ. પરંતુ એ નથી જોતા કે પરિશ્રમથી એ સુખી લોકોએ પોતાનાં કામ પૂરાં કર્યાં છે, શું તેવી ભાવના આપણી અંદર પણ છે ખરી? ઈશ્વર કોઈની પણ સાથે પક્ષપાત

કરતો નથી. તેમણે એ આત્મબળ દરેકને છૂટ્ટે હાથે આપ્યું છે કે જેના આધાર પર ઉન્નતિ થઈ શકે.

જ્યારે નિરાશા અને નિષ્ફળતાને તમારી ચારે તરફ છવાયેલી જુઓ ત્યારે સમજી લો કે તમારું ચિત્ત સ્થિર નથી, તમે તમારા પર જ વિશ્વાસ કરતા નથી.

જ્યાં સુધી તમારા સડીને કોહવાઈ ગયેલા વિચારોને બદલશો નહીં ત્યાં સુધી હાલની ખરાબ દશામાંથી છુટકારો પામી નહીં શકો. જ્યાં સુધી એવો વિશ્વાસ ન બંધાય કે તમે પોતાને અનુકૂળ હોય તેવી સ્થિતિનું નિર્માણ કરવા શક્તિમાન છો. ત્યાં સુધી તમારા પગ ઉન્નતિના માર્ગ ભણી વળી નહીં શકે. જો આગળ ઉપર પણ સંભાળીને નહીં ચાલો તો બની શકે છે કે દિવ્ય તેજ કોઈપણ દિવસે બિલકુલ જ ક્ષીણ થઈ જશે. જો તમે તમારી હાલની અણગમતી સ્થિતિમાંથી છુટકારો મેળવવા ઈચ્છતા હો તો તમારી પોતાની માનસિક દુર્બળતાને દૂર હાંકી કાઢો, તમારી અંદર આત્મવિશ્વાસ જાગૃત કરો.

એ વાતનો વસવસો ન રાખો કે મને વારંવાર નિષ્ફળતા સાંપડે છે. સમય અનંત છે તેથી આવી બાબતોથી બેપરવા રહો. ફરી ફરીને પ્રયત્ન આદરો અને આગળને આગળ કદમ માંડતા રહો. નિરંતર કર્તવ્ય કરતા રહો, આજ નહીં તો કાલે તમે જરૂર સફળતા પ્રાપ્ત કરશો. મદદ માટે બીજા પાસે

કાકલૂદી ન કરો કારણ કે વાસ્તવમાં કોઈ પણ પાસે એટલી શક્તિ નથી જે તમારી સહાયતા કરી શકે. કોઈ પણ તકલીફ માટે બીજા પર દોષારોપણ ન કરો, કારણ કે હકીકતમાં તમને કોઈ પણ વ્યક્તિ દુઃખ પહોંચાડી શકશે નહીં. તમે પોતે જ તમારા મિત્ર અને પોતે જ તમારા શત્રુ છો. જે પણ સારી માઠી સ્થિતિ તમારી સામે છે તે તમારી જ પેદા કરેલી છે. તમારો દ્રષ્ટિકોણ બદલી નાખશો તો બીજી ક્ષણે આ ભયની ભૂતાવળ અંતરિક્ષમાં અદ્રશ્ય થઈ જશે.

આપની બાબતમાં, આપણી યોજનાઓની બાબતમાં, આપના ઉદ્દેશ્યોની બાબતમાં બીજા લોકો જે કંઈ વિચાર કરે છે તેના પર વધુ પડતું ધ્યાન આપવાની જરૂર નથી.જો તેઓ તમને કલ્પનાની પાછળ દોડવાવાળા સ્વૈરવિહારી અથવા સપનાં જોવાવાળા સમજે તો તેની પરવા ન કરશો. તમે તમારા વ્યક્તિત્વમાં શ્રદ્ધા ટકાવી રાખો.કોઈ માણસના કહેવાથી કે કોઈ આપત્તિ આવવાથી તમારા આત્મવિશ્વાસને ડગમગવા ન દો. આત્મશ્રદ્ધાને હંમેશા ટકાવી રાખશો અને આગળ વધતા રહેશો તો વહેલો કે મોડો સંસાર તમારો માર્ગ મોકળો કરી આપશે જે.

આગળ ઉપર પણ પયત્નો તો ચાલું રાખવાના જ છે પરંતુ એ બધું એક ખેલાડીની અદાથી જ કરવાનું છે.

સમજણ અને વિચારશીલતાનો તકાજો છે કે સંસારચક્રના બદલાતા ક્રમને અનુરૂપ તમારી મન:સ્થિતિને તૈયાર રાખવામાં આવે. લાભ, સુખ, સફળતા, પ્રગતિ, વૈભવ વગેરે મળવાથી અહંકારથી છકી જવાની જરૂર નથી. એવી પરિસ્થિતિ કયાં સુધી ટકી રહેશે તે કહી શકાય નહીં, વિપરીત સ્થિતિમાં રોવા-કૂટવા, ખીજાવા કે નિરાશ થવામાં તાકત વેડફી દેવી વ્યર્થ છે. પરિવર્તનને અનુરૂપ ખૂદને બદલવામાં, વિષય સ્થિતિને સુધારવા, વિચારવા, ઉપાય શોધવા અને તાળો બેસાડવામાં મગજને કામે લગાડવામાં  આવે તો આ પ્રયત્ન રોવા અથવા કૂટવા કરતાં વધુ હિતકર સાબિત થશે.

જે હાજર છે તેમાંથી જ આનંદ લઈને સંતોષભર્યું સમતોલન બનાવી લેવામાં જ ખરી બુદ્ધિમત્તા રહેલી છે.

એકસાથે અનેક કામ નિપટાવવાના ચક્કરમાં  દિલથી કોઈ કામ પૂરાં કરી શકાતાં નથી. અરધાં પરધાં કામ છોડીને મન બીજા કામ તરફ દોડવા માંડે છે. અહીંથી જ મહેનત અને સમયની બરબાદી શરૂ થાય છે તથા મનમાં ને મનમાં ખીજ ચડવા લાગે છે. વિચાર અને કાર્ય મર્યાદિત અને સંતુલન કરી લેવાથી શ્રમ અને શક્તિનો બગાડ અટકી જાય છે.  વ્યક્તિ સફળતાનાં પગથિયાં ચડતો ચાલ્યો જાય છે.

કોઈ પણ કામ કરતી વખતે તમારા મનને ઉચ્ચ વિચારોથી અને સંસ્કારોથી ઓતપ્રોત રાખવું એ જ સંસારિક જીવનમાં  સફળતાનો મૂળ મંત્ર છે. આપણે જ્યાં રહીએ છીએ ત્યાંની સ્થિતિ કદાચ ન બદલી શકીએ પણ આપણી જાતને બદલીને દરેક પરિસ્થિતિમાં આનંદ માણી શકીએ છીએ.

બીજા પાસેથી એવી અપેક્ષા રાખવી કે બધા આપણી સાથે રહેશે અને આપણા કહેવા પ્રમાણે ચાલશે તેવી ભ્રમણા માનસિક તાણ વધારાતા રહેવાનું અને ઝંઝટમાં ફસાતા રહેવાનું મુખ્ય કારણ છે. તેનાથી છુટકારો મેળવવા માટી જરૂરી છે કે આપણે ચુપચાપ શાંતિપૂર્વક આપણું કાર્ય કરતા રહીએઅને લોકોને એમની રીતે ચાલવા દઈએ. કોઈ પણ વ્યક્તિ પર છવાઈ જવાની કોશિશ ન કરો. હર કોઈને ખુશ રાખવાના ચક્કરમાં તમારો અમૂલ્ય સમય અને શક્તિનો બગાડ ન કરો.

કોઈ આપણી જ વાત માને,તે મુજબ જ ચાલે, આપણામાં જ રસ ધરાવે અને આપણી જ સહાયતા કરે તેવી વાત વિચારવી તદ્દન નિરર્થક છે. આવી ચાહના ખોટી તો છે જ સાથોસાથ હાનિકારક પણ. ભાવનાત્મક રૂપથી બીજા પર આધાર રાખતા રહેવું તે બાબત હિતકર નથી.

અસ્ત વ્યસ્ત જીવન જીવવું, ઉતાવળ કરવી, રાત-દિવસ વ્યસ્ત રહેવું અને હરપળે કામકાજમાં ખૂંચી રહેવું-આવી બાબતો પણ મનમાં ભારે તાણ પેદા કરે છે. આથી એ પણ જરૂરી બની જાય છે કે તમારી જીવનશૈલીને અને દિનચર્યાને વિવેકપૂર્ણ બનાવીને ચાલો. ઈમાનદારી, સંયમશીલતા, સજ્જનતા, નિયમિતતા અને સુવ્યવસ્થાથી ભરપૂર સરળ સાદું જીવન જીવવાથી જ મનોબળનો સદુપયોગ થાય છે અને ઈશ્વરે આપણામાં ભરેલી ક્ષમતાનો ઉચિત લાભ મેળવવાનો સુયોગ સાંપડે છે.

કર્તવ્યના પાલનનો આનંદ લૂંટો અને વિઘ્નોથી ડર્યા વિના ઝઝૂમતા રહો. આ જ ધર્મનું સારતત્વ છે.

સમસ્ત સંસારના મહાપુરુષો શરૂઆતમાં સાધારણ કક્ષા, યોગ્યતા અને ક્ષમતાવાળા વ્યક્તિ રહ્યા છે. આટલું થવા છતાં પણ તેમણે પોતાનો દ્રષ્ટિકોણ હીન ન બનવા દીધો અને નિરાશાને આસપાસ ફરકવા પણ ન દીધી. આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નના બળ પર તેઓ ડગલેને પગલે આગળ વધતા જ ગયા. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તેઓ લક્ષ્યથી વિચલિત ન થયા. નજીવાં સાધનો અને અલ્પ યોગ્યતા ધરાવતા હોવા છતાં પણ દેશ, ધર્મ, સમાજ અને માનવતાની સેવામાં પોતાના જીવનની આહુતિ સર્મપિત કરીને સમાજ સમક્ષ

ઉદાહરણ રજૂ કરતા ગયા અને કરોડો લોકોને દિશાદોરે ચીંધતા ગયા.

આપણા દોષો બીજા પર ઠોકી બેસાડવાથી કશું કામ થશે નહીં. આપણી શારીરિક અને માનસિક નિર્બળતા માટે બીજાઓ નહીં પણ પોતે આપણે જ જવાબદાર છીએ. આમાં બીજા લોકો, પરિસ્થિતિઓ અને ભોગવવાપડતા પ્રારબ્ધનો પણ પ્રભાવ હોય છે, પણ પોણા ભાગનું જીવન તો આપણા અત્યારના દ્રષ્ટિકોણ અને કર્તવ્યના ફળસ્વરૂપ જ વીતતું હોય છે. જાતને સુધારવાનું કામ હાથ ધરીને આપણે આપણી શારીરિકાને માનસિક પરેશાનીઓને સહેલાઈથી દૂર કરી શકીએ છીએ.

જે લોકો બકવાસ તો ખૂબ કરે છે પણ પોતે તે બીબામાં ઢળતા નથી તેમનો પ્રભાવ જનમાનસ પર પડતો નથી. જેમણે પોતાના જીવનક્રમમાં ચિંતનાને ચરિત્રનો સમન્વય કર્યો છે તેમની સાધના સદૈવ ફૂલતી ફાલતી રહે છે.

